# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26-08-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : TUESDAY** **National News**

**નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)**

**સમાચાર સિમ્પલ ઠક્કર** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતના અમદાવાદમાં હાઈબ્રિડ બૅટરી ઇલેક્ટ્રોડના સ્થાનિક ઉત્પાદનનું લોકાર્પણ કરશે
2) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે વિશાખાપટ્ટનમાં નૌકાદળનું અદ્યતન યુદ્ધ જહાજ ઉદયગીરી અને હિમગિરીનું પ્રક્ષેપણ કરશે
3) અટલ પેન્શન યોજનામાં આ વર્ષે અત્યાર સુધીમાં આઠ કરોડથી વધુ નવા ધારક સાથે સૌથી મોટું સીમાચિહ્ન હાંસલ.
4) કેનેડામાં તીરંદાજી વિશ્વ સ્પર્ધામાં ભારતનાં શર્વરી શિંદેએ સુવર્ણ ચંદ્રક જીત્યો
5) કઝાખસ્તાનમાં એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપમાં ભારતીય મહિલા શૂટર્સે 25 મીટર પિસ્તોલ જુનિયર વ્યક્તિગત ઇવેન્ટમાં સુવર્ણ, રજત અને કાંસ્ય ચંદ્રક જીત્યા

**************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# PM GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે અમદાવાદના હંસલપુર ખાતે હાઈબ્રિડ બૅટરી ઇલેક્ટ્રોડના સ્થાનિક ઉત્પાદનનું લોકાર્પણ કરશે. તેમજ 100 દેશને બૅટરી ઇલેક્ટ્રિક વાહનોની નિકાસને લીલીઝંડી બતાવશે. આ પ્રસંગે શ્રી મોદી ઉપસ્થિત લોકોને સંબોધિત પણ કરશે. હંસલપુરમાં આવેલા સુઝૂકી મોટર પ્લાન્ટમાં બે ઐતિહાસિક પહેલનું લોકાર્પણ કરશે. સાંભળીએ અમારાં સંવાદદાતા અપર્ણા ખુંટનો અહેવાલ.

(V/C-APARNA KHUNT)

. . . . . . . . . . . .

# PM MODI SABHA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખેડૂતો, પશુપાલકો અને નાના ઉદ્યમીઓના હિતને દેશ માટે સર્વોપરી ગણાવ્યું. તેમણે કહ્યું, કોઈ પણ દબાણમાં આ સમૂહને કોઈ નુકસાન નહીં થવા દઈએ. ગઈકાલે અમદાવાદના નિકોલ વિસ્તારમાં ખોડલધામ મેદાનમાં અંદાજે પાંચ હજાર 400 કરોડથી વધુની વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા બાદ જનસભા સંબોધતા આ વાત કહી.

પ્રધાનમંત્રીએ સરકાર સમાજના દરેક વર્ગ માટે ગૌરવપૂર્ણ જીવન સુનિશ્ચિત કરવા માટે સમર્પિત હોવાનું આશ્વાસન આપ્યું. તેમણે કહ્યું, શહેરી ગરીબોનું જીવન સરળ બનાવવું એ સરકારની ટોચની પ્રાથમિકતા છે.

દરમિયાન શ્રી મોદીએ લોકોને ભારતમાં બનેલી ચીજવસ્તુઓને પ્રાથમિકતા આપવાનો આગ્રહ કર્યો અને ઉત્પાદકોને પણ ઉત્પાદનની ગુણવત્તા સુધારવા અપીલ કરી.

(BYTE: PM NARENDRA MODI) ON AATMNIRBHAR BHARAT)

. . . . . . .

# INDIAN NAVY - UDAYGIRI & HIMGIRI

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં ભારતીય નૌકાદળ આજે વિશાખાપટ્ટનમના નૌકાદળ મથક પર અદ્યતન સ્ટીલ્થ યુદ્ધ જહાજ ઉદયગીરી અને હિમગિરીનું પ્રક્ષેપણ કરશે.

આ પહેલી વાર હશે જ્યારે બે અલગ અલગ શિપયાર્ડમાં બનેલા બે અગ્રણી સપાટી યુદ્ધ જહાજનું એકસાથે પ્રક્ષેપણ કરવામાં આવશે, જે ભારતના પૂર્વીય દરિયા કિનારાના વધતા દરિયાઈ મહત્વ પર ભાર મૂકે છે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, આ બંને જહાજોમાં ડિઝાઇન, શસ્ત્રો અને સેન્સર સિસ્ટમમાં નોંધપાત્ર સુધારાઓ છે, જે તેમને દરિયાઈ મિશનની સંપૂર્ણ શ્રેણીને કાર્યક્ષમ રીતે હાથ ધરવા સક્ષમ બનાવે છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે ઉદયગિરી અને હિમગિરીનું પ્રક્ષેપણ નૌકાદળની લડાઇ ક્ષમતામાં વધારો કરશે અને યુદ્ધ જહાજની ડિઝાઇન અને બાંધકામમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવાના ભારતના સંકલ્પને પૂર્ણ કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SHIVRAJ CHOUHAN - IISER

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું છે કે સરકારે ભારતીય ખેડૂતોના હિત અને કલ્યાણને પ્રાધ્યાન આપી અમેરિકા થી કૃષિ માલની આયાત કરવાની મંજૂરી આપવાની ના પાડી છે.

ભોપાલમાં ભારતીય વિજ્ઞાન શિક્ષણ અને સંશોધન સંસ્થા (IISER) ના દીક્ષાંત સમારોહમાં બોલતા, શ્રી ચૌહાણે કહ્યું કે,

**(BYTE – SHIVRAJ SINGH CHAUHAN)**

મંત્રીએ ભારતના 144 કરોડ નાગરિકોને રોજિંદા ઉપયોગ માટે સ્વદેશી વસ્તુઓને પ્રાધાન્ય આપવાના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આહ્વાન પર પણ પ્રકાશ પાડ્યો હતો જે રોજગારની તકો ઉત્પન્ન કરશે અને અર્થતંત્રને મજબૂત બનાવશે.

. . . . . . . . . .

# ATAL PENSION YOJANA

અટલ પેન્શન યોજના-APY એ આ મહિનાની 21 તારીખ સુધીમાં 8.11 કરોડ નવા ધારકો સાથે અત્યાર સુધીનું સૌથી મોટું સીમાચિહ્ન હાંસલ કર્યું છે.

નાણાકીય વર્ષ 2024-25 માં જયાં ફક્ત 1.17 કરોડથી વધુ નવા ધારકો નોંધાયા હતા તેની સામે 25-26 ની શરૂઆત જ વિક્રમી રહી. APY પેન્શનની મહિલા અને યુવાઓને આકર્ષી રહ્યું છે. નાણાકીય વર્ષ 2024-25 માં, કુલ નોંધણીમાંથી, 55 ટકા મહિલાઓએ નોંધણી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . .

# ECI

ભારતીય ચૂંટણી પંચ (ECI) એ જાહેરાત કરી છે કે બિહારમાં 99.11 ટકા મતદારો પાસેથી દસ્તાવેજો પ્રાપ્ત થયા છે.

રાજ્યમાં મતદાર યાદીના ખાસ સઘન સુધારણા (SIR) હેઠળ દાવા, વાંધા અને દસ્તાવેજોના સમયગાળામાં હજુ સાત દિવસ બાકી છે. ECI અનુસાર, આ સરેરાશ દૈનિક સંગ્રહ દર 1.64 ટકા દર્શાવે છે. 1લી સપ્ટેમ્બરની અંતિમ તારીખ સાથે, ફક્ત 0.89 ટકા મતદારોએ હજુ સુધી તેમના દસ્તાવેજો સબમિટ કર્યા નથી. પંચે નોંધ્યું છે કે બૂથ લેવલ ઓફિસર્સ (BLO) અને સ્વયંસેવકોની મદદથી હાથ ધરવામાં આવેલ સંગ્રહ અભિયાન, અગાઉની ગણતરીની કવાયતની જેમ, સમયમર્યાદા પહેલા પૂર્ણ થવાની અપેક્ષા છે.

. . . . . . . . . . .

# GOVERNMENT E-MARKETPLACE-GEM

ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ-GeMએ 15 લાખ કરોડ રૂપિયાના સંચિત ગ્રોસ મર્ચેન્ડાઇઝ મૂલ્ય (GMV) નો ઐતિહાસિક સીમાચિહ્ન પાર કર્યો છે.

મંત્રાલયે એમ પણ જણાવ્યું હતું કે GeM એક મજબૂત ડિજિટલ પ્લેટફોર્મમાં વિકસિત થયું છે, જેમાં સૂક્ષ્મ અને નાના ઉદ્યોગો, સ્ટાર્ટઅપ્સ, મહિલા-આગેવાની હેઠળના વ્યવસાયો, SC/ST સાહસો અને સ્વ-સહાય જૂથોનો સમાવેશ થાય છે.

GeM ના CEO, મિહિર કુમારે કહ્યું છે કે આ સીમાચિહ્ન પાર કરવું એ હિસ્સેદારોના વિશ્વાસનો પુરાવો છે. તેમણે ઉમેર્યું હતું કે આ સફળતા લાખો વિક્રેતાઓ અને ખરીદદારોની છે જેમણે દેશમાં જાહેર ખરીદીની રીતમાં પરિવર્તન લાવ્યું છે.

. . . . . . . . . . . .

# NPS

કેન્દ્રીય નાણાં મંત્રાલયે નવી રજૂ કરાયેલી યુનિફાઇડ પેન્શન સ્કીમ (UPS) થી નેશનલ પેન્શન સિસ્ટમ (NPS) માં એક વખતની વન ટાઈમ સ્વિચ સુવિધા શરૂ કરી છે.

એક સત્તાવાર સૂચના અનુસાર, આ સુવિધા UPS ધારકો માટે તેમના નિવૃત્તિના એક વર્ષ પહેલા અથવા સ્વૈચ્છિક નિવૃત્તિના ત્રણ મહિના પહેલા સુધી આ સુવિધા મેળવી શકશે.

બરતરફી એટલે કે કાર્યભાર પદથી દૂર કરવામાં આવેલા અથવા શિસ્તભંગના પગલાંનો સામનો કરી રહેલા કર્મચારીઓ આ સુવિધા ને પાત્ર રહેશે નહીં. એકવાર આ સુવિધાનો ઉપયોગ પછી, કર્મચારીઓ ખાતરીપૂર્વક ચૂકવણી સહિત UPS લાભો માટે હકદાર રહેશે નહીં.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# WORLD ARCHERY CHAMPIONSHIPS 2025

તીરંદાજી 2025 વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભારતની શર્વરી સોમનાથ શિંદેએ ગઈકાલે કેનેડાના વિનિપેગમાં 2025 વર્લ્ડ યુથ તીરંદાજી ચેમ્પિયનશિપમાં U18 મહિલા વ્યક્તિગત રિકર્વ સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

16 વર્ષીય શર્વરીએ દક્ષિણ કોરિયાની કિમ યેવોનને રોમાંચક ફાઇનલમાં 6-5થી હરાવી. શિંદેએ પહેલા ત્રણ સેટ પછી 4-1થી આગળ રહી, પરંતુ કિમે મજબૂત વાપસી કરીને મેચને બરાબરી પર લાવી અને શૂટ-ઓફ સારું પ્રદશન કર્યું હતું.

. . . . . . . . . . . . .

# ASIAN SHOOTING CHAMPIONSHIP

કઝાકિસ્તાનમાં આયોજિત એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપમાં ભારતીય મહિલા શૂટર્સે 25 મીટર પિસ્તોલ જુનિયર વ્યક્તિગત ઇવેન્ટમાં સુવર્ણ, રજત અને કાંસ્ય ચંદ્રક જીત્યા.

પાયલ ખત્રીએ સુવર્ણ, નામ્યા કપૂરે રજત અને તેજસ્વિનીએ ફાઇનલમાં કાંસ્ય ચંદ્રક જીત્યો. આ ત્રણેયે ટીમ ઇવેન્ટમાં પણ સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

ભૌનીશ મેંદિરત્તાએ પુરુષોની ટ્રેપ ઇવેન્ટમાં રજત ચંદ્રક જીત્યો. મહિલા ટ્રેપ ઇવેન્ટમાં, નીરુ ઢાંડાએ સુવર્ણ અને આશિમા અહલાવતે કાંસ્ય ચંદ્રક જીત્યો છે.

અગાઉ, મનુ ભાકર, એશા અને સિમરનપ્રીત કૌર બ્રારની ભારતીય ત્રિપુટીએ 25 મીટર પિસ્તોલ મહિલા સિનિયર ટીમ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

. . . . . . . . . . . . . . . . .

# 150TH BIRTH ANNIVERSARY CELEBRATION

સરકારે સરદાર વલ્લભભાઈ પટેલ અને આદિવાસી પ્રતિમા બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ અને અટલ બિહારી વાજપેયીની જન્મશતાબ્દીની ઉજવણી માટે ત્રણ ઉચ્ચ-સ્તરીય સમિતિઓની રચના કરી છે.

કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયના જણાવ્યા અનુસાર, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ ત્રણેય સમિતિઓના અધ્યક્ષ રહેશે. આ સમિતિને દેશભરમાં યોજનાઓ, કાર્યક્રમોને મંજૂરી આપવા, દેખરેખ રાખવા અને સ્મૃતિ સમારોહનું માર્ગદર્શન આપવાનું કામ સોંપવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે ચૈતાલી જોશી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે અમદાવાદમાં જનસભા સંબોધી તે સમાચાર મોટાભાગના અખબારોએ મુખ્યશીર્ષકમાં લીધા છે. ગુજરાત સમાચાર લખે છે, સ્વદેશી ખરીદો, સ્વદેશી વેચો- મોદીની અપીલ. પ્રધાનમંત્રીના નિવેદનને ટાંકીને ફૂલછાબે "સ્વદેશી અપનાવો, આત્મનિર્ભરતાને જીવનમંત્રી બનાવો"ને મુખ્યશીર્ષક બનાવ્યું છે. નવગુજરાત સમય લખે છે, PM મોદીની ગેરન્ટી, ખેડૂતો, વેપારીઓ અને ડેરીનું અહિત નહીં થાય. દિવ્ય ભાસ્કરનું મુખ્યશીર્ષક છે, ભલે દબાણ હોય, આત્મનિર્ભર ભારત ઝૂકશે નહીં: મોદી. રાજસ્થાન પત્રિકા લખે છે, **मोदी ने किया आह्वानः आत्मनिर्भर भारत और स्वदेशी का मंत्र अपनाएं**

ગુજરાત સમાચાર છેલ્લા પાના પર લખે છે, CS એક્ઝિક્યૂટિવ-પ્રોફેશનલમાં ટોપ 25 રેન્કમાં અમદાવાદના સાત વિદ્યાર્થી.

સંદેશે "ગુજરાત ભાજપને જલ્દી નવા અધ્યક્ષ મળશે અને મંત્રીમંડળનું વિસ્તરણ પણ થશેઃ પાટિલ" શીર્ષક સાથેના સમાચાર છેલ્લા પાને લીધા છે.

નવગુજરાત સમય સ્થાનિક પાના પર લખે છે, સિવિલમાં ચાર માસથી આર્થોસ્કોપ મશીન બંધ, દર્દીને મહિનાઓની તારીખ અપાય છે.

. . . . . . . . . .